(૫૧)

| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 - | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | e-mail id :- phyedu@sauuni.ac.in |

નં. શા. શિ. /સ્પો. કો/૨૦/૧૭ /૨૦૧૯

તા.૧૧ /૦૫ /૨૦૧૯

**પ રિ પ ત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રના પ્રો. ઇન-ચાર્જશ્રીઓ અને માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ માટે બોર્ડ ઓફ સ્પોર્ટસ અને સિન્ડિકેટની તા. ૨૮-૨-૨૦૦૦ ના ઠરાવ નં.૯ મુજબ ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષથી રૂા. ૧૦/- સ્પોટર્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ તરીકે પ્રથમ સત્ર દરમ્યાન **બધાજ વર્ગોના વિદ્યાર્થીઓ પાસેથી લેવાનું નકકી થયેલ છે.**

સબબ નવા વર્ષની એટલે કે ૨૦૧૯-૨૦૨૦ ના સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ ફંડની રકમ રૂા. ૧૦/- વિદ્યાર્થીઓ પાસેથી મેળવી ડ્રાફ્ટ દ્વારા આ યુનિવર્સિટીના કેશ વિભાગમાં જમા કરાવવાની રહેશે. આ રકમનો ડ્રાફ્ટ સાથે વિદ્યાર્થી અંગેની વર્ગવાર સંખ્યા તથા અન્ય માહિતી દર્શાવતો પત્ર બે નકલમાં લાવવાનો રહેશે. કેશ વિભાગમાં સ્પોટર્સ કોમ્પલેક્ષ વિકાસ ફી ના નાણાં **કોડ નંબર ૫૮૦૩** થી ભરવાના રહેશે તેની એક નકલ રસીદ નંબર લખી શારીરિક શિક્ષણ વિભાગમાં અચુક જમા કરાવવાની રહેશે. **આ રકમ એનરોલમેન્ટના ફોર્મ સાથે જ મોકલી આપવા અન્યથા એન્રોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.** વિશેષમાં અગાઉના વર્ષની જે કોલેજની રકમ બાકી હોય તેઓએ પણ તાત્કાલિક જમા કરાવવાની રહેશે. અગાઉ બાકી રહેલ ફી જમા કરાવવામાં નહિ આવે તો તે કોલેજો અંગેની જાણકારી વિગતે સિન્ડિકેટ સમક્ષ રજુ કરવામાં આવશે અને સિન્ડીકેટ જે નિર્ણય લે તે કોલેજને બંધન કર્તા રહેશે.

**<u>ખાસ નોંધ</u> :-**

૧. ડીમાન્ડ ડ્રાફ્ટ **"રજીસ્ટ્રાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ "** ના નામનો મોકલવાનો રહેશે.
૨. કોલેજ, ભવન અને પી.જી. સેન્ટરમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓના સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ ફંડના પૈસા લેવાના રહે છે.
૩. ઉપરોકત નોંધ ૧ માં જણાવેલ વિગત સિવાયનો ડી. ડી. કોઇપણ સંજોગોમાં કેશ વિભાગ દ્વારા સ્વીકારવામાં આવશે નહિ. અને પરત કરવામાં આવશે, જેની નોંધ લેશો.
**૪. સ્પોર્ટસ કોમ્પલેક્ષ વિકાસ ફંડના પૈસા ભરવા આવો ત્યારે કોલેજ લેટરપેડમાં કોલેજ કોડ નંબર દર્શાવવા જરુરી છે અન્યથા સ્વીકારવામાં આવશે નહિ.**

**કુલસચિવ**

**પ્રતિ.**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ.

**નકલ સાદર રવાના :-**
૧. માન. કુલપતિશ્રી/માન. ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. પરીક્ષા નિયામકશ્રી.
૩. એકેડેમિક ઓફિસરશ્રી
૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી
૫. હિસાબ વિભાગ
૬. આઇ. કયુ. એ. સી. વિભાગ